# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી– 2015

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(M.A.)** **Numerical Code: 0036**

નોંધણી નંબરઃ ________________

**પાઠ્યક્રમ** : નવલકથાનું સ્વરૂપ **(MGT-01)** **Numerical Code: 0215**

**તારીખ** : **18/02/2015**

**સમય** : **11.00 to 02.00**

**સૂચના** : દરેક પ્રશ્નો ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્નઃ–1** ‘નવલકથા એ જીવન વાસ્તવની અતિ નિકટ રહીને ચાલતું અનુકારક સ્વરૂપ છે’ આ વિધાનને ગુજરાતી નવલકથા વિશ્વને આધારે સમજાવો. **(12)**

**OR**

‘ગુજરાતી નવલકથાવિશ્વ’ માંથી તમને ગમતી કોઈપણ એક નવલકથાની વિવેચનાત્મક સમીક્ષા કરો.

**પ્રશ્નઃ–2** ‘સરસ્વતીચંદ્ર ભાગ–૧’ને આધારે સર્જક ગોવર્ધનરામનું નવલકથાકાર તરીકે મૂલ્યાંકન કરો. **(12)**

**OR**

‘સરસ્વતીચંદ્ર’ નવલકથા પ્રેમકથા નિમિત્તે સંસ્કૃતિ કથા છે – આ વિધાનની ‘સરસ્વતીચંદ્ર ભાગ–૧’ને આધારે ચર્ચા કરો.

**પ્રશ્નઃ–3** ‘પાટણની પ્રભુતા’ નવલકથાને આધારે ક. મા. મુનશીનું ઐતિહાસિક નવલકથાકાર તરીકે મૂલ્યાંકન કરો. **(12)**

**OR**

‘પાટણની પ્રભુતા’ નવલકથામાં ઐતિહાસિક તથ્યો અને કલ્પનાનું મિશ્રણ છે – આ વિધાનની ચર્ચા કરો.

**પ્રશ્નઃ–4** ‘જાનપદી નવલકથા’ તરીકે ‘માનવીની ભવાઈ’નું મૂલ્યાંકન કરો. **(12)**

**OR**

‘‘માનવીની ભવાઈ’ એ ભીખ અને ભૂખની કથા છે’ – આ વિધાનની ઉદાહરણ સહિત ચર્ચા કરો.

**પ્રશ્નઃ–5 ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(12)**

1. ‘સરસ્વતીચંદ્ર ભાગ–૧’ માં તત્કાલિન કુટુંબજીવન
2. પાટણની પ્રભુતા’ નવલકથામાં પાત્રનિરુપણ
3. ‘અમૃતા’ નવલકથાનો આસ્વાદ
4. ‘માનવીની ભવાઈ’નો આરંભ અને અંત
5. ‘મળેલ જીવ’માં કાનજી–જીવીનો પ્રણય

**પ્રશ્નઃ–6 બહુવૈકલ્પિક પ્રશ્નોના ઉત્તરો લખો.** **(10)**

1. ‘સરસ્વતીચંદ્ર ભાગ–૧’ નવલકથા કુલ કેટલા પ્રકરણોમાં વહેંચાયેલી છે?
   A. 20 B. 31 C. 21 D. 30
2. ‘સરસ્વતીચંદ્ર ભાગ–૧’ કઈ સાલમાં પ્રગટ થઈ હતી?
   A. 1887 B. 1885 C. 1882 D. 1890
3. ‘સરસ્વતીચંદ્ર ભાગ–૧’ના પંદરમાં પ્રકરણનું નામ જણાવો?
   A. સૌભાગ્યના સંપૂર્ણચંદ્ર B. સરસ્વતીચંદ્ર C. પ્રમાદધન અને કુમુદસુંદરી D. બુદ્ધિધન
4. ક. મા. મુનશીનું ઉપનામ જણાવો.
   A. સવાયા ગુજરાતી B. અસ્મિતા C. દ્વિરેફ D. ઘનશ્યામ
5. ‘પાટણની પ્રભુતા’નો સાહિત્યપ્રકાર જણાવો?
   A. ઐતિહાસિક નાટક B. લલિત નિબંધ C. આત્મકથા D. ઐતિહાસિક નવલકથા
6. ‘પાટણની પ્રભુતા’ કઈ સાલમાં પ્રગટ થઈ હતી?
   A. 1911 B. 1914 C. 1916 D. 1920
7. નીચેનામાંથી કઈ નવલકથા પન્નાલાલ પટેલની નથી?
   A. મળેલા જીવ B. મનખાવતાર C. વળામણાં D. જનમટીપ
8. ‘માનવીની ભવાઈ’ નવલકથા માટે પન્નાલાલ પટેલને કયો એવોર્ડ આપવામાં આવ્યો હતો?
   A. રણજિતરામ સુવર્ણચંદ્રક B. જ્ઞાનપીઠ એવોર્ડ C. સાહિત્ય અકાદમી એવોર્ડ D. નર્મદ એવોર્ડ
9. ગુજરાતી સાહિત્યની પ્રથમ નવલકથાનું નામ જણાવો?
   A. ભદ્રંભદ્ર B. સરસ્વતીચંદ્ર C. કરણઘેલા D. સાસુ–વહુની લડાઈ
10. ‘પારકાં જણ્યાં’ કયા નવલકથાકારની નવલકથા છે?
    A. સુન્દરમ્ B. ઉમાશંકર જોશી C. દિગીશ મહેતા D. ધીરુબહેન પટેલ

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી– 2015

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(M.A.)** **Numerical Code: 0036**

નોંધણી નંબરઃ ________________

**પાઠયક્રમ** : ગુજરાતી પ્રતિનિધિ કવિતાઓ **(MGT-02)** **Numerical Code: 0216**

**તારીખ** : **19/02/2015**

**સમય** : **11.00 to 02.00**

**સૂચના** : દરેક પ્રશ્નો ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્નઃ–1** ‘પૂર્વાલાપ’ને આધારે કવિ કાન્તનું કવિ તરીકે મૂલ્યાંકન કરો. **(12)**

**OR**

‘ખંડકાવ્ય’ના કવિ તરીકે કાન્ત વધુ સફળ છે – આ વિધાનની યથાર્થતા ચર્ચો.

**પ્રશ્નઃ–2** ‘અખેગીતા’માં નિરૂપાયેલા તત્ત્વદર્શનની ચર્ચા કરો. **(12)**

**OR**

‘અખેગીતા’માં અખો મહાપદનું વર્ણન કેવી રીતે કરે છે?, સમજાવો.

**પ્રશ્નઃ–3** ‘સપ્તપદી’ને આધારે ઉમાશંકર જોશીની કવિ તરીકેની પ્રતિભાને મૂલવો. **(12)**

**OR**

‘છિન્નભિન્ન છું’ – આ કાવ્ય ઉમાશંકરની કવિ પ્રતિભાનો નવો આવિષ્કાર છે. – આ વિધાન વિશે ચર્ચા કરો.

**પ્રશ્નઃ–4** ‘ધ્વનિ’ કાવ્યસંગ્રહના ગીતોનું મૂલ્યાંકન કરો. **(12)**

**OR**

‘ધ્વનિ’ કાવ્યસંગ્રહના છંદોબદ્ધ કાવ્યોની ચર્ચા કરો.

**પ્રશ્નઃ–5 ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(12)**

1. આયુષ્યના અવશેષે–આસ્વાદ
2. પંખીલોક – આસ્વાદ
3. સાગર અને શશી – આસ્વાદ
4. ‘અખેગીતા’માં જ્ઞાન પ્રાપ્તિ
5. ‘અખેગીતામાં જ્ઞાન–વૈરાગ્યનું મહત્વ

**પ્રશ્નઃ–6 બહુવૈકલ્પિક પ્રશ્નોના ઉત્તરો લખો.** **(10)**

1. ‘અખેગીતા’ પુસ્તકમાં પુરોવચન કોણે લખ્યું છે?
   A. ભૂપેન્દ્ર ત્રિવેદી B. ઉમાશંકર જોશી C. જયોતીન્દ્ર દવે D. અખો
2. ‘પુષ્પો સાથે વાન કરવાનો સમય રહ્યો નહિ’ – આ પંકિત ‘સપ્તપદી’ના કયા કાવ્યમાંથી લેવામાં આવી છે?
   A. છિન્નભિન્ન છું B. પંખીલોક C. પીછો D. શોધ
3. ‘સૌંદર્ય શું? જગત શું? તપ એ જ સાથી’ – પંકિત કયા છંદમાં છે?
   A. વસંતતિલકા B. મંદાક્રાંતા C. ઝૂલણાં D. પૃથ્વી
4. ‘છંદોના લય હિલ્લોલ માટે રાજેન્દ્રની ચીવટ ભારે છે’ – આ વિધાન કોનું છે?
   A. નિરંજન ભગત B. ઉમાશંકર જોશી C. જયોતીન્દ્ર દવે D. ધીરુ પરીખ
5. ‘અખેગીતા’માં કુલ કેટલાં કડવાં છે?
   A. 50 B. 35 C. 40 D. 45
6. ‘અખેગીતા’માં કયા સિદ્ધાંતનું સમર્થ પ્રતિપાદન છે?
   A. વેદાંત B. વેદ C. ઉપનિષદ D. મનુસ્મૃતિ
7. નિરંજનભગતને કયું કાવ્ય ‘ધ્વનિ’ની પ્રસ્તાવના જેવું લાગ્યું છે?
   A. વિજનઅરણ્યે B. નિરૂદ્દેશે C. શેષ અભિસાર D. આયુષ્યના અવશેષે
8. ‘છિન્ન ભિન્ન છું’ કાવ્ય કયારે પ્રગટ થયું હતું?
   A. 1956 B. 1959 C. 1955 D. 1960
9. ‘કાન્ત એટલે ખંડકાવ્ય અને ખંડકાવ્ય એટલે કાન્ત’ – આ વિધાન કોનું છે?
   A. ચંદ્રકાન્ત શેઠ B. ઈશ્વરલાલ દવે C. નિરંજન ભગત D. હરિવલ્લભ ભાયણી
10. ‘ઉપહાર’ કાવ્યમાં કોને સંબોધન છે?
    A. કલાપી B. મણિલાલ દ્વિવેદી C. બળવંતરાય ઠાકોર D. ન્હાનાલાલ

---

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**
**સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી– 2015**

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(M.A.)** **Numerical Code: 0036**
નોંધણી નંબરઃ ________________

**પાઠયક્રમ** : ગુજરાતી ભાષનું ધ્વનિતંત્ર અને રૂપતંત્ર **(MGT-03)** **Numerical Code: 0217**

**તારીખ** : **20/02/2015**

**સમય** : **11.00 to 02.00**

**સૂચના** : દરેક પ્રશ્નો ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્નઃ–1** ભાષાની સાંકેતિક વ્યવસ્થામાં યાદચ્છિકતા, દ્વિસ્તરીયતા અને ખુલ્લાપણું કઈ રીતે છે, તે વિગતે સમજાવો. **(12)**

**OR**

ગુજરાતી ભાષાની ત્રીજી ભૂમિકાના મુખ્ય ઉચ્ચારણ વિષય, વ્યાકરણ વિષયક અને શબ્દભંડોળ વિષયક લક્ષણો ઉદાહરણ સાથે વર્ણવો.

**પ્રશ્નઃ–2** સંઘર્ષ ધ્વનિઓની ઉદાહરણો સાથે સમજ સ્પષ્ટ કરો. **(12)**

**OR**

અનુનાસિક તરીકે આવતા સ્વરોનું ઉદાહરણો સાથે વર્ણન કરો.

**પ્રશ્નઃ–3** નામપદની રચનામાં પ્રવેશતા સંજ્ઞાસૂચક રૂપોનો વિગતે પરિચય કરાવો. **(12)**

**OR**

સંજ્ઞા એટલે શું? તે જણાવી તેના પ્રકારોની ઉદાહરણો સાથે ચર્ચા કરો.

**પ્રશ્નઃ–4** વાકયરચનાના પ્રયોજનને આધારે પડતા પ્રકારોની વિગતે ચર્ચા કરો. **(12)**

**OR**

કર્તરિ, કર્મણિ અને ભાવે રચનાઓ ઉદાહરણો સાથે સમજાવો.

**પ્રશ્નઃ–5 ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(12)**

1. અંગસાધક રૂપો
2. મર્મર સ્વરો
3. ક્રિયાવિશેષણના પ્રકારો
4. ગુજરાતીમાં લિંગ–વચન વ્યવસ્થા
5. સર્વનામના પ્રકારો

**પ્રશ્નઃ–6 નીચેના પ્રશ્નોના એક વાકયમાં ઉત્તરો આપો.** **(10)**

1. કોઈપણ પાંચ જાતિવાચક રૂપો જણાવો.
2. નામપદના કેન્દ્રમાં વાકયનાં કેટલાં પ્રકાર પડી શકે?
3. રચનાની દૃષ્ટિએ વાકયનાં કેટલાં પ્રકાર પડી શકે?
4. નીચેના શબ્દોની સંધિ છૂટી પાડો.
   શાસ્ત્રી, કેળવાયેલ, રજ્જાત્રા
5. ગુજરાતી ભાષામાં વપરાતા પાંચ ફારસી શબ્દો જણાવો.
6. દંત્ય સ્પર્શ ધ્વનિઓ જણાવો.
7. ગુજરાતી ભાષામાં સ્પર્શોની સંખ્યા કેટલી છે?
8. કોઈપણ પાંચ ભાવવાચક રૂપો જણાવો.
9. વર્ધકો એટલે શું?
10. ક્રિયાપદ એટલે શું?

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી– 2015

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(M.A.)** **Numerical Code: 0036**

નોંધણી નંબરઃ ________________

**પાઠયક્રમ** : નિબંધ **(MGT-04)** **Numerical Code: 0218**

**તારીખ** : **21/02/2015**

**સમય** : **11.00 to 02.00**

**સૂચના** : દરેક પ્રશ્નો ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્નઃ–1** ભાષા શબ્દની ભૂમિકા વિગતે સમજાવો. **(12)**

**OR**

ગુજરાતી ભાષાનું ઘડતર સમજાવો.

**પ્રશ્નઃ–2** ભાષામાં વાકયની ભૂમિકા વિગતે સમજાવો. **(12)**

**OR**

પદક્રમનું મહત્ત્વ ઉદાહરણ સહિત સ્પષ્ટ કરો.

**પ્રશ્નઃ–3** વર્ણનાત્મક ગદ્યની લાક્ષણિકતાઓ ચર્ચો. **(12)**

**OR**

વાદાત્મક ગદ્યની લાક્ષણિકતાઓ ચર્ચો.

**પ્રશ્નઃ–4** 'શિયાળાની સવાર' વિશે નિબંધ લખો. **(12)**

**OR**

'સિનેમા અને સમાજ' વિશે નિબંધ લખો.

**પ્રશ્નઃ–5 ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(12)**

1. તમે જોયેલા અકસ્માતનો અહેવાલ
2. સૌરાષ્ટ્રના પ્રવાસ વિશેનો અહેવાલ
3. 'જગતની સૌ કડીઓમાં સ્નેહની સર્વથી વડી' – વિચાર વિસ્તાર
4. 'આખરે તો બધા માત્ર નટ થાય છે, મૂળ માણસ અહીં કયાં પ્રગટ થાય છે?' – વિચાર વિસ્તાર
5. સંક્ષેપીકરણ માટેની સજ્જતા

**પ્રશ્નઃ–6 બહુવૈકલ્પિક પ્રશ્નોના ઉત્તરો લખો.** **(10)**

1. ભાષા વાપરવા માટે સૌ પ્રથમ શેની જરૂર પડે છે?
   A. શબ્દ B. અર્થ C. વાકય D. પરિચ્છેદ
2. 'વિ' પ્રત્યય કયો અર્થ પ્રગટ કરે છે?
   A. સમાનાર્થી B. વિરુદ્ધાર્થી C. યથાર્થતા D. શબ્દાર્થ
3. 'ચડતી–પડતીનો અનુભવ કરવો' – રૂઢિપ્રયોગનો અર્થ શો છે?
   A. સતત સારો અનુભવ કરવો B. સતત ખરાબ અનુભવ કરવો
   C. સારો–ખરાબ અનુભવ કરવો D. સતત ડાહપણ કરવું
4. 'પર્જન્ય'નો પર્યાયવાચી શબ્દ જણાવો.
   A. રાત્રિ B. સંધ્યા C. તડકો D. વરસાદ
5. 'બાટલીનું ઉદ્દઘાટન' નિબંધના લેખક કોણ છે?
   A. બકુલ ત્રિપાઠી B. ન. પ્ર. બૂચ C. જયોતિન્દ્ર દવે D. વિનોદ ભટ્ટ
6. 'ટૂંકમાં કહીએ તો' – જેવાં પદો કયા ગદ્યમાં જોવા મળશે?
   A. વિવરણાત્મક B. વાદાત્મક C. ભાવાત્મક D. વર્ણનાત્મક
7. 'જેની જગતમાં જોડ મળી શકે નહીં તેવો' – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.
   A. બે જોડ B. અજોડ C. અપૂર્વ D. અલભ્ય
8. 'કશી ફિકર રાખ્યા વિના' – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.
   A. બેફિકર B. નિશ્ચિત C. અચિંત D. જાગૃત
9. અહેવાલ લખની વખતે કયા શબ્દો વાપરવાનો આગ્રહ રાખવો જોઈએ?
   A. પરભાષા B. તળપદા C. શિષ્ટ ગુજરાતી D. અંગ્રેજી
10. 'પછી મારું મૃત્યુ થયું' જેવી કલ્પના કયા પ્રકારના નિબંધમાં કરવા જેવી નથી?
    A. ચિંતનાત્મક B. ઘટના પ્રધાન C. આત્મકથનાત્મક D. માહિતી પ્રધાન

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી– 2015

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(M.A.)** **Numerical Code: 0036**
નોંધણી નંબરઃ ________________

**પાઠયક્રમ** : સાહિત્ય વિવેચનના સિદ્ધાંતો **(MGT-05)** **Numerical Code: 0219**

**તારીખ** : **23/02/2015**

**સમય** : **11.00 to 02.00**

**સૂચના** : દરેક પ્રશ્નો ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્નઃ–1** ‘આત્મકથા’ એટલે શું? તે સ્પષ્ટ કરી આ સ્વરૂપની લાક્ષણિકતાઓ જણાવો. **(12)**

**OR**

‘આત્મકથા’ સાહિત્યસ્વરૂપ ગદ્યના અન્ય સ્વરૂપો કરતાં કઈ કઈ બાબતોમાં જુદું પડે છે’ – ચર્ચા કરો.

**પ્રશ્નઃ–2** આત્મકથાના સ્વરૂપને લક્ષમાં લઈ ‘સત્યના પ્રયોગો’ કૃતિનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. **(12)**

**OR**

ગાંધીજીના જીવનમાં જે ‘સત્યના પ્રયોગો’ કર્યા તે પ્રયોગોનું આલેખન એટલે “સત્યના પ્રયોગો” – આ વિધાન સમજાવો.

**પ્રશ્નઃ–3** ‘દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ’ એ હિંદીઓની સત્યાગ્રહની લડત આઠ વર્ષ ચાલી તે સંઘર્ષની કથા છે – આ વિધાનની ચર્ચા કરો. **(12)**

**OR**

“સત્યાગ્રહીના પાયા ઢીલા થઈ જાય છે, ચોમેર અંધકાર વ્યાપે છે, ત્યારે ઈશ્વર સહાય કરે છે” – આ વિધાનની ચર્ચા ‘દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ’ કૃતિના આધારે કરો.

**પ્રશ્નઃ–4** ગાંધીજીના પત્ર સાહિત્યનો પરિચય તમારા શબ્દોમાં કરાવો. **(12)**

**OR**

હિંદસ્વરાજના આધારે ભારતના સુધારાના દર્શન અંગેના વિચારો જણાવો.

**પ્રશ્નઃ–5 ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(12)**

1. ‘સત્યના પ્રયોગો’ શીર્ષકની યથાર્થતા
2. હિંદ સ્વરાજના આધારે ગાંધીજીના કેળવણી અંગેના વિચારો
3. ‘ફરજિયાત પરવાનાની હોળી’ – પ્રકરણની ચર્ચા
4. દક્ષિણ આફ્રિકાનો ઈતિહાસ

**પ્રશ્નઃ–6 નીચેના પ્રશ્નોના એક વાકયમાં ઉત્તરો આપો.** **(10)**

1. હિંદ સ્વરાજમાં કુલ કેટલા પ્રકરણો આપેલા છે?
2. ગુજરાતી સાહિત્યને વિકસાવવામાં કઈ સંસ્થાનો ફાળો (ઈ.સ.1848) મુખ્ય હતો?
3. ગોવર્ધનરામ ત્રિપાઠી કયા યુગના નવલકથાકાર હતા?
4. ગાંધીજીના જીવનને પ્રભાવિત કરનાર Un to the last પુસ્તકના લેખક કોણ હતા?
5. ગાંધીજીએ કયા સામાયિક દ્વારા પ્રજામાનસને ઘડવાનું કામ કર્યું હતું?
6. લેખનકાર્ય એ ગાંધીજીનું સાધ્ય હતું કે સાધન?
7. ‘સુધારાનું દર્શન’ પ્રકરણ ગાંધીજીના કયા પુસ્તકમાં આવે છે?
8. ‘સત્યના પ્રયોગો’ આત્મકથા કેટલા ભાગમાં વહેંચાયેલી છે?
9. ‘મુસીબતોનું સિંહાવલોકન પ્રકરણ ગાંધીજીના કયા પુસ્તકમાં આવેલું છે?
10. દક્ષિણ આફ્રિકામાં મુખ્ય કઈ બે હકૂમતો હતી?

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી– 2015

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(M.A.)** **Numerical Code: 0036**

નોંધણી નંબરઃ ________________

**પાઠયક્રમ** : સાહિત્ય મીમાંસા **(MGT-06)** **Numerical Code: 0205**

**તારીખ** : **24/02/2015**

**સમય** : **11.00 to 02.00**

**સૂચના** : દરેક પ્રશ્નો ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્નઃ–1** ભરતના રસસૂત્રની ચર્ચા કરો. **(12)**

**OR**

‘ધ્વનિ કાવ્યનો આત્મા છે’ – આ વિધાનની ચર્ચા કરો.

**પ્રશ્નઃ–2** ‘વક્રોકિત’ એ કાવ્યનું મહત્વનું અંગ છે – કુંતકના આ વિધાનની ચર્ચા કરો. **(12)**

**OR**

અભિનવ ગુપ્તના અભિવ્યકિતવાદની ચર્ચા કરો.

**પ્રશ્નઃ–3** ટ્રેજેડીની વ્યાખ્યા આપી, ટ્રેજેડીનાં મહત્વના ઘટક તત્ત્વોની ચર્ચા કરો. **(12)**

**OR**

‘કવિતા તત્ત્વતઃજીવનની સમીક્ષા છે’ – મેથ્યુ આર્નોલ્ડના આ વિધાનની ચર્ચા કરો.

**પ્રશ્નઃ–4** કાવ્યમાં ઉદાતતત્ત્વ સંદર્ભે લોન્મઈન્સની વિચારધારા સ્પષ્ટ કરો. **(12)**

**OR**

આનંદવર્ધનની દૃષ્ટિએ ધ્વનિકાવ્યોના મુખ્ય પ્રકારોની ઉદાહરણ સાથે ચર્ચા કરો.

**પ્રશ્નઃ–5 ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(12)**

1. કેથાર્સિસ
2. રસપ્રતિતીનાં વિઘ્નો અને ઉપાયો
3. નવ્યવિવેચન
4. વાગ્મિતાવાદનાં પાંચ તત્ત્વો

**પ્રશ્નઃ–6 નીચે આપેલી ખાલીજગ્યાઓ સાચા ઉત્તરથી પૂરો.** **(10)**

1. ‘નાટયશાસ્ત્ર’ ગ્રંથના રચયિતા ___________ છે.
2. _________ ભાવો વ્યકિતમાં સંસ્કારરૂપે સ્થિર પડેલાં હોય છે.
3. વિભાવના કુલ ________ પ્રકાર પાડવામાં આવે છે.
4. અભિવ્યંજનાવાદના રચયિતા ______ છે.
5. સાહિત્યનું મુખ્ય પ્રયોજન ________ છે.
6. ‘ધ્વન્યાલોક’ નામનો ગ્રંથ __________ આચાર્યએ લખેલો છે.
7. પ્લેટો એ __________ નામનો ગ્રંથ લખેલો છે.
8. ટી. એસ. એલિયટનો જન્મ ઈ. સ. __________ માં થયો હતો.
9. ભાવનઃવિભાવન પુસ્તકના લેખક _________ છે.
10. અંગ્રેજી સંજ્ઞા myth માટે ગુજરાતી ભાષામાં _______ શબ્દ વપરાય છે.

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી– 2015

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(M.A.)** **Numerical Code: 0036**

નોંધણી નંબરઃ ________________

**પાઠયક્રમ** : ગુજરાતી ગદ્યના સીમાચિન્હો **(MGT-07)** **Numerical Code: 0220**

**તારીખ** : **24/02/2015**

**સમય** : **03.00 to 06.00**

**સૂચના** : દરેક પ્રશ્નો ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્નઃ–1** કાવ્યકલાની શકિત સમજાવી, ભારતીય તેમજ પાશ્ચત્ય આલંકારિકોએ કાવ્યકલાની શકિત વિશે આપેલા વિવિધ મંતવ્યો જણાવો. **(12)**

**OR**

'કાવ્યની શકિત' વિભાગ-1 વિવેચનલેખોમાંથી કોઈપણ ત્રણ વિવેચનલેખોની ઉદાહરણ સહિત ચર્ચા કરો.

**પ્રશ્નઃ–2** 'સૌરાષ્ટ્રની રસધાર– ભાગ–૧'નું રસલક્ષી મૂલ્યાંકન કરો. **(12)**

**OR**

'સૌરાષ્ટ્રની રસધાર– ભાગ–૧'માં તમને ગમતા કોઈપણ બે પાત્રો વિશે વિગતે ચર્ચા કરો.

**પ્રશ્નઃ–3** 'જનાન્તિકે' ની રચનાઓને આધારે નિબંધકાર સુરેશ જોશીની નિબંધકાર તરીકેની વિશેષતાઓ અને મર્યાદાઓ વિગતે દર્શાવો. **(12)**

**OR**

'જનાન્તિકે'માં આલેખાયેલી શૈશવની સ્મૃતિકથાનો સદૅષ્ટાંત ખ્યાલ રજૂ કરો.

**પ્રશ્નઃ–4** 'મારી હકીકત'નું આત્મકથા લેખે મૂલ્યાંકન કરો. **(12)**

**OR**

'મારી હકીકત'માં નર્મદના વ્યકિતત્વને ઘડવામાં ફાળો આપનાર કુટુંબીજનો અને શિક્ષકો વિશે વિગતે જણાવો.

**પ્રશ્નઃ–5 ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(12)**

1. પ્રેમાનંદના આખ્યાનોમાં હાસ્યરસ
2. 'સૌરાષ્ટ્રની રસધાર ભાગ–૧'ના વ્યકિતચિત્રો
3. 'જનાન્તિકે'ની નિબંધ રચનાઓમાં પ્રકૃતિરાગ
4. 'મારી હકીકત'ની ગદ્યશૈલી
5. 'મારી હકીકત'માં સમાજસુધારક નર્મદ

**પ્રશ્નઃ–6 બહુવૈકલ્પિક પ્રશ્નોના ઉત્તરો લખો.** **(10)**

1. સર્જકશ્રી ઝવેરચંદ મેઘાણીનો જન્મ કઈ સાલમાં થયો હતો?
   A. 10-08-1890 B. 28-08-1996 C. 30-08-1830 D. 31-05-1891
2. લોકસાહિત્યમાં સંશોધન માટે ઝવેરચંદ મેઘાણીને કયો એવોર્ડ મળ્યો હતો.
   A. જ્ઞાનપીઠ એવોર્ડ B. નર્મદ એવોર્ડ C. રણજિતરામ સુવર્ણચંદ્રક D. રાષ્ટ્રીય અકાદમી એવોર્ડ
3. નીચેનામાંથી કઈ નવલકથા સુરેશ જોશીની છે?
   A. ભાંગપાના લેવું B. કારણ ઘેલો C. છિન્નપત્ર D. ખેતરને ખોળી
4. 'જનાન્તિકે'નો સાહિત્યપ્રકાર જણાવો?
   A. આત્મકથા B. ટૂંકીવાર્તા C. નિબંધસંગ્રહ D. લોકસાહિત્ય
5. 'તો તો પરીને કહીશ કે મારા મોટાભાઈનું આખું માથું રૂપેરી કરી નાંખો' – આ વાકય કોણ બોલે છે?
   A. ચિરંજીવી B. શિશુ C. મોટાભાઈ D. શાંતિ
6. નર્મદે કયા શબ્દને પોતાનાં જીવનમંત્ર તરીકે અપનાવ્યો હતો?
   A. લાગણી B. સમાજસેવક C. પ્રેમશૌર્ય D. યુગ પ્રવર્તક
7. 'મારી હકીકત' આત્મકથાને નર્મદે કેટલાં વિરામોમાં વહેંચી છે?
   A. 12 B. 16 C. 30 D. 10
8. નર્મદે કયો કોશ તૈયાર કર્યો હતો?
   A. શબ્દકોશ B. અર્થકોશ C. નર્મકોશ D. કાવ્યકોશ
9. કાવ્યની કુલ કેટલી શકિત આલંકારિકોએ બતાવી છે?
   A. પાંચ B. છ C. બે D. ત્રણ
10. "રમણીય અર્થનું પ્રતિપાદન કરનાર શબ્દ તે કાવ્ય" આ કાવ્યની વ્યાખ્યા કયા આલંકારિકે આપી છે?
    A. મમ્મ્ર B. જગન્નાથ C. કૃતક D. અભિનવ ગુપ્ત

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી– 2015

| | | |
|---|---|---|
| **અભ્યાસક્રમ** | : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(M.A.)** | **Numerical Code: 0036**<br>નોંધણી નંબર: ________________ |
| **પાઠ્યક્રમ** | : અનુવાદ (અંગ્રેજી અને હિન્દીમાંથી) **(MGT-08)** | **Numerical Code: 0221** |
| **તારીખ** | : **25/02/2015** | |
| **સમય** | : **11.00 to 02.00** | |
| **સૂચના** | : દરેક પ્રશ્નો ફરજિયાત છે. | **કુલ ગુણ : 70** |

---

**પ્રશ્નઃ–1** અનુવાદ : વિજ્ઞાન, કલા કે કૌશલ્ય? તમારા મંતવ્યો જણાવો. **(12)**

**OR**

અનુવાદ એટલે શું? તે સમજાવી તેનું સ્વરૂપ સ્પષ્ટ કરો.

**પ્રશ્નઃ–2** કાવ્યનો અનુવાદ કરતી વખતે કઈ કઈ બાબતો લક્ષમાં લેવી જોઈએ? **(12)**

**OR**

નાટકનો અનુવાદ કરતી વખતે અનુવાદકે કઈ કઈ બાબતો ધ્યાનમાં લેવી જોઈએ?

**પ્રશ્નઃ–3** અનુવાદનું ભાષા વૈજ્ઞાનિક વિશ્લેષણ કઈ રીતે થઈ શકે? ઉદાહરણ સાથે સમજાવો. **(12)**

**OR**

અનુવાદનું ક્ષેત્ર જણાવી, અનુવાદના પ્રકારોની ચર્ચા કરો.

**પ્રશ્નઃ–4** ગુજરાતી ભાષામાંથી કોઈપણ ચાર રૂઢિપ્રયોગના અંગ્રેજી ભાષામાં અનુવાદ કરો. **(12)**

**OR**

હિંદી ભાષામાંથી કોઈપણ કહેવતોનું ગુજરાતી ભાષામાં અનુવાદ કરો.

**પ્રશ્નઃ–5 ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(12)**

1. રૂઢિપ્રયોગો અને અનુવાદ
2. અનુવાદ માટે સહાયક સાધનો
3. અનુવાદમાં અર્થવિચાર
4. અનુવાદની મર્યાદાઓ

**પ્રશ્નઃ–6 નીચે આપેલ પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર આપો.** **(10)**

1. અનુવાદના માધ્યમ આધારિત કેટલા પ્રકાર છે?
2. અનુવાદ માટે અંગ્રેજી ભાષામાં કયો શબ્દ વપરાય છે?
3. મૂળકૃતિના ભાવને રજૂ કરવામાં આવે તે કયા પ્રકારનો અનુવાદ કહેવાય?
4. અનુવાદ સહજ કલા છે કે ઉપયોગી કલા છે?
5. અનુવાદ કરવા માટે ઓછામાં ઓછી કેટલી ભાષાઓ જોઈએ?
6. અનુવાદને વિજ્ઞાન અને કલા ઉપરાંત ________ પણ માનવામાં આવે છે.
7. મારો હાથ ખાલી છે – આ વાકયનો અંગ્રેજીમાં અનુવાદ કરો.
8. Apple of One’s eye – અંગ્રેજીની આ કહેવતનો ગુજરાતી અનુવાદ કરો.
9. *प्रेमचंद के लिए गणित गौरीशंकर था ।* હિંદીમાંથી અંગ્રેજીમાં અનુવાદ કરો.
10. નાટકનો અનુવાદ કઈ વ્યકિત કરી શકે?

---